॥ ॐ શ્રી સાઈરામ ॥

॥ ॐ શ્રી સાઈ અદભૂતચર્યાય નમ: ॥ (૬૨)

## જેમની લીલા આશ્ચર્યકારક છે તે શ્રી સાઈને અમારા નમસ્કાર છે.

ઐશ્વર્ય, કીર્તિ, જ્ઞાન, વૈરાગ્ય, સૂષ્ટિ, સ્થિતિ અને લય આ સાત લાખ ધરાવતા શ્રી સત્ય સાઈ બાબા સાક્ષાત્ ઈશ્વર છે. તેથી કેવળ સંકલ્પ વડે જ તેઓ અનેક અદભૂત ચમત્કાર કરે છે.

ઘણા વર્ષો પહેલાં એક દિવસ સ્વામી ચિત્રાવતી નદીના પટમાં થોડાક ભક્તો સાથે બેઠા હતા, ત્યારે સ્વામીએ કાંઈક દોરવાની શરૂઆત કરી.. કોઈએ પૂછયું-"સ્વામી આ શું દોર્યું છે?" તેના પર મંદ સ્મિત કરીને સ્વામી બોલ્યા " થોડા જ સમયમાં અહીં એક નવા મંદિરની સ્થાપના થવાની છે. તેનો આ નકશો (પ્લાન) છે. હવે આગળ જતા અહીંયાં કેવળ ભારતમાંથી જ નહીં. પરંતુ પરદેશમાંથી પણ હજારો ભક્તો આવશે. લાખોની સંખ્યામાં માણસો આવશે. પુટ્ટપતિ એક મોટું તીર્થ સ્થાન બનશે." તે વખતે આ સાંભળનારા કેટલાક ભક્તોના મનમાં શંકા થઈ. પરંતુ આજે તેમાંનો પ્રત્યેક શબ્દ સાચો ઠર્યો છે. એટલું જ નહીં, પણ વિર્ધાદાનનું કાર્ય, આરોગ્ય પ્રદાન કરવાનું કાર્ય અથવા મફત પાણી પૂરું પાડવાનું અલૌકિક કાર્ય સ્વામીએ કરી બતાવ્યું છે. વસ્તુ સંગ્રહાલય, પૂર્ણ ચંદ્ર, સાઈ કુલવંત જેવા સભાગૃહો, હિલ વ્યુ સ્ટેડિયમ, ત્યાંની ભવ્ય-દિવ્ય મૂર્તિઓ, તારાંગણ, વિદ્યાપીઠ, ઈત્યાદિ, વિશાળ ભવનો એ ભગવાનનું અદ્ભુત કાર્ય નથી?

ભક્તોની અનેક ગંભીર બીમારીઓ દૂર કરવી, મૃત વ્યક્તિને પુનર્જન્મ આપવો જેવા અલૌકિક કાર્ય ભગવાન બાબાએ કર્યા છે. શરીર એક સ્થળે હોવા છતાં બીજા સ્થળે જઈને સંક્ટમાં ઘેરાયેલા ભક્તોને સહાય કરનારા સ્વામીનું એક અદ્ભુત કાર્ય હવે જોઈશું.

એક દિવસ વૃંદાવનના આશ્રમમાં સ્વામી હતા ત્યારે ડૉ.ગઢિયા નામની એક ભક્તને કહ્યું – " કાલે તારા માતા-પિતાને કાર અકસ્માતમાંથી બચાવવા માટે હું કંપાલા ગયો હતો." કંપાલા, આફ્રિકામાં હોવાથી ડૉ. ગઢિયાના માતા પિતા કારમાં પ્રવાસ કરતી વખતે અકસ્માતમાં સપડાયા તેમાં તેમની ગાડીનો કચ્ચરઘાણ વળી ગયો, પરંતુ તે બંનેને વિશેષ ઈજા ન પહોંચતા, તેઓ આમાંથી સુખરૂપ બચી ગયા, આ બધું સ્વામીએ કરેલી કૃપા ના ફળ સ્વરૂપ જ હતું. નહીં તો બચવું અશક્ય હતું. આ બધું કરતી વખતે સ્વામી સર્વ કાળ દેહ રૂપે વૃંદાવન આશ્રમમાં જ હતા. તથા તેમણે પોતે કરેલા કાર્યની માહિતી ડૉ. ગઢિયાને બીજે દિવસે આપી હતી. જે માહિતી ડૉ.ગઢિયાને થોડા સમય પછી કંપાલાથી મળેલી માહિતી સાથે અક્ષરશ: મળતી હતી.

||ૐ શ્રી સત્ય સાઈનાથાર્પણમસ્તુ ||